પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૪ | ૧૬ નવેમ્બર, ૨૦૧૯, શનિવાર; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં આજે સરકાર રચવા દાવો કરાશે

**મહારાષ્ટ્રમાં સરકાર રચવા શિવસેના-એનસીપી અને કાંગ્રેસ વચ્ચે સમજૂતિ સધાઇ : શિવસેનાના મુખ્યમંત્રી હશે, કોંગ્રેસ-એનસીપીના એક-એક નાયબ મુખ્યમંત્રી, ૧૪-૧૪-૧૨ ની ફોર્મ્યુલા : કોમન મીનીમમ પ્રોગ્રામ ઘડી કઢાયો**

નાગપુર, તા. ૧૫

એનસીપીના વડા શરદ પવારે આજે કહ્યું હતું કે, શિવસેના, એનસીપી અને કોંગ્રેસની સરકાર રચવામાં આવી રહી છે. આ રચના કરવાની પ્રક્રિયા પણ શરૂ થઇ ચુકી છે. તેમણે કહ્યું હતું કે, મધ્ય સત્ર ચૂંટણીને લઇને કોઇપણ શક્યતા અને પ્રશ્ન રહેતો નથી. આ ગઠબંધન સરકાર પાંચ વર્ષ પૂર્ણ કરશે. મહારાષ્ટ્રમાં મધ્યસત્ર ચૂંટણીની ચાલી રહેલી અટકળોનો તેઓએ અંત આણી દીધો હતો. મહારાષ્ટ્રમાં હાલ રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવેલું છે. તેમણે કહ્યું હતું કે, ત્રણ પક્ષો સ્થિર સરકારની રચના કરવા માટે ઈચ્છુક છે. આ સરકાર વિકાસલક્ષી રહેશે. મધ્યસત્ર ચૂંટણીની કોઈપણ સંભાવના નથી. સરકાર રચવામાં આવશે અને પાંચ વર્ષ પુરા કરશે.

પવારે પત્રકારો સાથે વાતચીત કરતા કહયું હતું કે, સરકારની રચનાને લઈને તમામ બાબતો નક્કી થઈ ચુકી છે. હવે માત્ર ઔપચારિકતા બાકી રહી છે. જો કે, મુખ્યમંત્રી પદને લઈને હજુ પણ ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. ભાજપે રાજ્યમાં સરકારની રચના કરવા માટે એનસીપી સાથે કોઇ ચર્ચા કરી હતી કે કેમ તે અંગે પૂછવામાં આવતા પૂર્વ કેન્દ્રીયમંત્રીએ કહ્યું હતું કે, તેમની પાર્ટીએ શિવસેના સાથે જ વાતચીત કરી હતી. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો સાથે કોઈ લેવા-દેવા ન હતા.

બીજી બાજુ તેમણે કહ્યું હતું કે, હાલમાં ત્રણ પક્ષો સીએમપી ઉપર કામ કરી ચુક્યા છે. આ સીએમપી રાજ્યમાં ઉચિત સરકારના પગલા માટે માર્ગદર્શન કરશે. ત્રણેય પક્ષોના પ્રતિનિધિઓએ ગુરુવારના દિવસે મુંબઈમાં બેઠક યોજી હતી અને ત્યારબાદ ડ્રાફ્ટ સીએમપીનો આખરી ઓપ આપવામાં આવ્યો હતો.



## એક સીએમ, બે ડેપ્યુટી સીએમની ફોર્મ્યુલા

સંભવિત નવી સરકારની રચના અંગે સૂત્રો કહે છે કે સરકારની રચનાના ફોર્મ્યુલા હેઠળ શિવસેનાના ક્વોટામાંથી ૧૬, એનસીપીના ક્વોટાથી ૧૪ અને કોંગ્રેસના ક્વોટામાંથી ૧૨ કેબિનેટ પ્રધાનો બનાવી શકાય છે. આ સાથે વિધાનસભા અધ્યક્ષ પદ કોંગ્રેસને આપી શકાય છે, જ્યારે ડેપ્યુટી સ્પીકર પદ શિવસેનાના ભાગમાં જઈ શકે છે. વિધાન પરિષદના પ્રમુખ અને ડેપ્યુટી સ્પીકરનું પદ એનસીપી અને શિવસેનાના ખાતામાં જઈ શકે છે. એવી અટકળો છે કે શિવસેનાને મુખ્યમંત્રી પદ આપવાની સાથે સાથે એનસીપી અને કોંગ્રેસ દ્વારા એક-એક નાયબ સીએમની નિમણૂક થઈ શકે છે.

# મની લોન્ડરિંગ કેસમાં ચિદમ્બરમને જામીન આપવા હાઈકોર્ટનો ઈન્કાર

નવીદિલ્હી, તા. ૧૫

દિલ્હી હાઈકોર્ટે આઈએનએક્સ મિડિયા મનિ લોન્ડરિંગ કેસમાં ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમને આજે જામીન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. જસ્ટિસ સુરેશ કેટે જામીન અરજી ઉપર ૮મી નવેમ્બરના દિવસે ચુકાદો અનામત રાખ્યો હતો. ચિદમ્બરમ અને ઈડીના વકીલો તરફથી દલીલો કરવામાં આવ્યા બાદ ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. ઈડીએ ૧૬મી ઓક્ટોબરના દિવસે મની લોન્ડરિંગ કેસમાં ચિદમ્બરમની ધરપકડ કરી હતી. આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચાર કેસના સંદર્ભમાં ૨૧મી ઓગસ્ટના દિવસે નાટ્યાત્મક ઘટનાક્રમ બાદ મોડી રાત્રે ચિદમ્બરમની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેમને ૨૨મી ઓક્ટોબરના દિવસે સીબીઆઈ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન મળી ગયા હતા પરંતુ ઈડીના કેસમાં તેમની તકલીફ અકબંધ રહી છે. ૧૫મી મે ૨૦૧૭ના દિવસે સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલા કેસમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૦૭માં ૩૦૫ કરોડરૂપિયાની વિદેશી રકમ મેળવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# ઓડ-ઈવન સ્થાયી સમાધાન નથી : સુપ્રીમ

**દિલ્હી પ્રદૂષણને મામલે સુપ્રીમ કોર્ટની લાલઆંખ : દિલ્હી, કેન્દ્ર સરકાર, પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશને સ્પષ્ટ સૂચનાઓ આપી : ઓડ ઇવન પ્રશ્ને સોમવારે નિર્ણય**

નવીદિલ્હી, તા. ૧૫

પાટનગર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વધતા પ્રદૂષણ પર સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરીને સાફ શબ્દોમાં કહ્યું છે કે, ઓડ ઈવન સ્કીમ પ્રદૂષણને પહોંચી વળવા માટે સ્થાયી સમાધાન નથી પરંતુ એક વૈકલ્પિક વ્યવસ્થા તરીકે છે. સુપ્રીમે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર પ્રદૂષણને પહોંચી વળવા માટે એર પ્યોરિફાયર લગાવવાને લઈને રોડમેપ રજૂ કરે તે જરૂરી છે. પ્રદૂષણને લઈને આક્રમક વલણ અપનાવનાર સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને પણ સીધા પ્રશ્નો કર્યા હતા. ઓડ ઈવનથી દિલ્હીને પ્રદૂષણથી કોઈ રાહત મળી છે કે કેમ તે અંગે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ, હરિયાણા અને દિલ્હીના મુખ્ય સચિવોને પણ સમન્સ ફટકારી દીધા છે. દિલ્હી સરકારને શ્રેણીબદ્ધ પ્રશ્નો કરવામાં આવ્યા છે. દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરતા કહ્યું હતું કે, ઓડ ઈવનના કારણે દિલ્હીમાં પ્રદૂષણના સ્તરમાં ૫-૧૫ ટકા સુધીનો ઘટાડો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**ઇન્ડોનેશિયામાં ૭.૧ તીવ્રતાનો ભૂકંપ**

ઈન્ડોનેશિયાના નોર્થ માલુકુ તટની પાસે ૭.૧ તીવ્રતાનો ભૂકંપ ત્રાટક્યો છે જેને કારણે ગભરાયેલા લોકો ઘરોમાંથી રસ્તા પર દોડી આવ્યા છે. ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં ૪૫ કિમી નીચે અને તટીય શહેરથી ૧૪૦ કિમી સમુદ્રની અંદર હતું.

**જીએસટીનું વાર્ષિક રિટર્ન ફાઇલ કરવાની તારીખ લંબાવાઇ**

જીએસટીનું વાર્ષિક રિટર્ન ભરનારા કરદાતાઓ માટે સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના વાર્ષિક રિટર્ન ભરવાની તારીખ લંબાવીને ૩૧મી ડિસેમ્બર અને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટેના વાર્ષિક રિટર્ન ભરવાની તારીખ લંબાવીને ૩૧મી માર્ચ ૨૦૨૦ કરવાની તથા જીએસટીનું ફોર્મ વધુ સરળ બનાવાયું હોવાની જાહેરાત કરી હતી.

**ઝારખંડમાં એક જ બેઠક પર પતિ-પત્નિ ચૂંટણી લડી રહ્યા છે!!**

ઝારખંડ વિધાન સભા ચૂંટણીમાં એક દંપતિ અત્યારે ચર્ચામાં છવાયું છે. ભવનાથપુર વિધાનસભા વિસ્તારમાથી અપક્ષ તરીકે પતિ-પત્ની બંને મેદાનમાં છે અને સામ-સામે લડી રહ્યાં છે. રસપ્રદ વાત એ છે કે, બંને ઉમેદવારી પત્ર ભરવા પણ એક જ ગાડીમાં ગયાં હતાં અને પ્રચાર પણ સાથે જ કરી રહ્યાં છે.

**ચીની ઓટો કંપનીઓ રોકાણ માટે સુસજ્જ**

કાર બનાવનાર ચીનની કંપનીઓ ભારતમાં જંગી રોકાણ કરવા માટે તૈયાર છે. પ્રાપ્ત માહિતી મુજબ ચીનની ઓટો કંપનીઓ ભારતમાં ૩૫૦૦૦ કરોડનુ જંગી રોકાણ કરવા તૈયાર છે. ઈલેક્ટ્રોનિક વાહનો પર દાવ લગાવી દેવા માટે ઈચ્છુક છે. ચીનની જે કંપનીઓ ભારતમાં રોકાણ કરવાની યોજના બનાવી રહી છે તેમાં ગ્રેટ વાલ મોટસ, બીવાઈડી ઓટો, ગિલી ઓટોમોટિવ, ચેરી ઈન્ટરનેશનલ અને ચેંન્ગેન ઓટોનો સમાવેશ થાય છે.

# મૌન રહેવામાં જ જજોની સ્વતંત્રતા : છેલ્લા કારોબારી દિવસે રંજન ગોગોઈનો સંદેશ

નવીદિલ્હી, તા. ૧૫

ચીફ જસ્ટિસ રંજન ગોગોઇ ગોગોઈએ ન્યાયપાલિકા અને સહકર્મીઓના નામે સંદેશ આપ્યો ન્યાયપાલિકાની સ્વતંત્રતા અને જજની સ્વતંત્રતા પર કહ્યું હતું કે, પણ પ્રશંસા કરી હતી. જસ્ટિસ ગોગોઈ તરફથી જારી કરવામાં આવેલી નોટમાં કહેવામાં આવ્યું છે કે, વકીલોને બોલવા માટેની સ્વતંત્રતા છે અને હોવી પણ જોઈએ.



**ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ આવતીકાલે નિવૃત્ત થઇ રહ્યા છે**

બેંચના જજોને સ્વતંત્રતાનો પ્રયોગ મૌન રહીને કરવો જોઈએ. જજોને પોતાની સ્વતંત્રતા જાળવી રાખવા માટે મૌન રહેવું જોઈએ. આનો અર્થ એ નથી કે, તેમને શાંત રહેવું જોઈએ પરંતુ જજોએ પોતાની જવાબદારીને અદા કરવા માટે બોલવું જોઈએ. આ સિવાય તેમને મૌન રહેવું જોઈએ.

આજે પોતાના છેલ્લા વર્કિંગ ડે ઉપર જજોને ખાસ સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, મૌન રહેવામાં જ જજની સ્વતંત્રતા રહેલી છે. હતો. ચીફ જસ્ટિસ ૧૭મી નવેમ્બરના દિવસે નિવૃત્ત થઈ રહ્યા છે. આજે કોર્ટમાં તેમનો છેલ્લો દિવસ હતો. જસ્ટિસ ગોગોઈએ જજને મૌન રહીને પોતાની સ્વતંત્રતાનો પ્રયોગ કરવો જોઈએ. સીજેઆઈએ પોતાની અવધિના ગાળા દરમિયાન પ્રેસના વર્તનની

# ટ્રેનમાં મુસાફરો માટે ચા, નાસ્તા અને ભોજન હવે વધુ મોંઘા બનશે

**નવા દરોને સિસ્ટમમાં ૧૫ દિવસમનાં અપડેટ કરવાની યોજના : સંબંધિત સમિતીની ભલામણના આધાર પર ૧૫ દિવસમાં નિર્ણય લેવાશે**

નવીદિલ્હી,તા. ૧૫

ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓને ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે ટ્રેનોમાં ચા, નાસ્તા અને ભોજનને વધારે મોંઘા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવે યાત્રીઓને હવે આ તમામ ચીજો ઉંચા દર પર લાગુ પડશે. ઈન્ડિયન રેલવે દ્વારા ટ્રેનોમાં ચા, નાસ્તા અને ખાવાની અન્ય ચીજો માટે નવા દર નક્કી કરી દેવામાં આવ્યા છે. નવા દરોને સિસ્ટમમાં ૧૫ દિવસમાં અપડેટ કરી દેવામાં આવનાર છે. ચાર મહિનાના ગાળા બાદ નવા દરોને અમલી કરવામાં આવનાર છે. છેલ્લી વખતે વર્ષ ૨૦૧૪માં દરોમાં સુધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદથી કોઈ સુધારા કરવામાં આવી રહ્યા ન હતા. આના માટે વારંવાર રજૂઆત કરવામાં આવી રહી હતી. આના માટે આઈઆરસીટીસીની રજૂઆત અને સંબંધિત સમિતીઓ દ્વારા દરોમાં વધારો કરવા માટે સતત રજૂઆત કરવામાં આવી રહી હતી. રેલવે યાત્રીઓને હવે વધારે નાણાં ચુકવી દેવા માટે તૈયાર રહેવુ પડશે. રેલવે બોર્ડમાં પ્રવાસ અને ખાવા પીવાના વિભાગના નિર્દેશક તરફથી જારી કરવામાં આવેલા પરિપત્રમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. આ પરિપત્રથી જાણવા મળે છે કે રાજધાની, શતાબ્દી અને દુરેન્ટો ટ્રેનોમાં ચા, નાસ્તા અને ભોજન ખુબ મોંઘા બની રહ્યા છે. આ ટ્રેનોમાં ટિકિટ લેતી વેળા ચાર, નાસ્તા અને ભોજન માટે પણ પૈસા ચુકવવાના હોય છે. બીજી ટ્રેનોમાં પણ હવે યાત્રીઓને વધારે મોંઘવારીની માર સહન કરવાની રહેશે. રાજધાની, દુરેન્ટો અને શતાબ્દી ટ્રેનો માટે લાગુ કરવામાં આવેલા નવા દરો ખુબ વધારે હોવાની રજૂઆત સામાન્ય પ્રવાસીઓ કરી રહ્યા છે.

# સરયુ નદીમાં ક્રુઝ ચલાવવા માટે તૈયારી : ટુર પેકેજ હશે

અયોધ્યા,તા. ૧૫

ઉત્તરપ્રદેશ સરકાર અયોધ્યાને સંપૂર્ણ વિકાસ મારફતે નવા રંગ રૂપમાં રજૂ કરવા માટે તમામ સ્તર પર કામમાં લાગેલી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ અયોધ્યાનુ ચિત્ર હવે પૂર્ણ રીતે બદલી દેવામાં આવનાર છે. અયોધ્યાને આંતરરાષ્ટ્રીય સ્તર પર જોડી દેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યા છે. આ તમામ યોજનાઓ પર કામ ચાલી રહ્યા છે. ટુંક સમયમાં જ અહીં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ તૈયાર કરી લેવામાં આવનાર છે. આની સાથે જ અયોધ્યની પવિત્ર સરયુ નદમાં ક્રુઝ શીપ પણ ચલાવવા માટેની યોજના રહેલી છે. જે પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ માટે મુખ્ય આકર્ષણ તરીકે રહેનાર છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બસ ટર્મિનલ, રેલવે સ્ટેશન વિસ્તાર, અયોધ્યાથી ફેજાબાદથી વચ્ચે પાંચ કિલોમીટરના ફલાયઓવર, ફાઈવ સ્ટાર હોટેલો રિસોર્ટ પણ બનાવવામાં આવનાર છે.

ઓમ શાંતિ

ગાંધીનગર સેવાકેન્દ્રના ૪૦ મા વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી પ્રસંગે

શ્રીમદ્ ભગવદ્ ગીતાનું અદભૂત રહસ્ય

તથા

પારિવારિક શાંતિ અને પરમાત્મ અનુભૂતિ શિબિર

બ્રહ્માકુમારી કૈલાશ દીદીજી, ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા

બ્રહ્માકુમારી ઉષા દીદીજી, આંતરરાષ્ટ્રીય વક્તા, માઉન્ટ આબુ

તા.૧૬ થી ૨૦ નવેમ્બર, ૨૦૧૯ - સ્થળ : રંગમંચ, સેક્ટર-૨૮, ગાંધીનગર

જે ભાઈ-બહેનોએ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેઓને પણ આ કાર્યક્રમમાં વિના સંકોચે પધારવા રાજયોગિની કૈલાશદીદીનું હાર્દિક નિમંત્રણ છે.

પ્રવેશ નિ:શુલ્ક

આયોજક :પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

શિવશક્તિ ભવન, પ્લોટ નં.૭૫૧, ઈન્કવાયરી ઓફિસ પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર - મો. ૯૯૭૯૦ ૯૯૯૨૨, ૯૯૭૯૮ ૬૬૭૭૭

: સૌજન્ય :

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001 : 2008 CERTIFICED COMPANY

દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજી.ઓફિસ : પ્લોટ નં. ૮૦૧/૧,૨, જીઆઈડીસી એન્જિનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮,ગાંધીનગર-૩૮૨૦૨૮. મો. : ૯૮૨૫૦૩૮૩૭૮, ૯૯૨૫૨૩૫૪૫૮

ઓફિસ : ૬૦૩, ૬૦૪ છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની બાજુમાં, રાધે સ્વીટ્સની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર મો. ૯૯૨૫૨૩૫૪૫૮ / ૫૯, ૯૬૩૮૧૮૩૮૩૮, ફોન : ૦૭૯-૨૩૨૪૩૬૨૩

E-mail : capitaloffsetgujarat@gmail.com | www.capitaloffset.in

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225